विद्याविनियोगाद्विकासः

# આઇઆઇએમ અમદાવાદ હેલ્થકેર સમિટની પહેલી આવૃત્તિમાં ભારત સરકારના માનનીય આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રી અને રસાયણ તથા ખાતર મંત્રી

# ડૉ. મનસુખ માંડવિયાને આમંત્રિત કરશે

- **શ્રી પંકજ આર. પટેલ, અધ્યક્ષ, આઇઆઇએમએ ગવર્નર્સ બોર્ડ, ઉદ્ઘાટન સંબોધન કરશે**
- **સંસ્થા ખાતે આઈઆઈએમએ પૂર્વછાત્ર હેલ્થકેર સ્પેશિયલ ઈન્ટરેસ્ટ ગ્રુપ અને સ્વાસ્થ્ય સેવા પ્રબંધન કેંદ્ર દ્વારા આ સમિટનું આયોજન કરવામાં આવી રહ્યું છે.**

**05 ઓગસ્ટ, 2023: અગ્રણી વૈશ્વિક મેનેજમેન્ટ સંસ્થા ભારતીય પ્રબંધ સંસ્થા અમદાવાદ (આઈઆઈએમએ), 5** ઓગસ્ટ 2023ના રોજ તેના કેમ્પસમાં, આઈઆઈએમએ હેલ્થકેર સમિટની પ્રારંભિક આવૃત્તિનું આયોજન કરવા માટે સજ્જ છે. ભારતીય હેલ્થકેર સેક્ટરમાં ઇનોવેશન અને સહયોગને પ્રોત્સાહન આપવાના સમિટના ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને **'નવાચારને ઉત્પ્રેરણ આપવું - સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ તથા નીતિ સંશોધન'** ની થીમ પર **રાખેલ છે.**

પ્રોફેસર ભારત ભાસ્કર, ડાયરેક્ટર, આઈઆઈએમએ ઉદ્ઘાટન સંબોધન કરશે અને આ સમિટ માટેનો સંદર્ભ દર્શાવશે. આ પ્રસંગે મુખ્ય મહેમાન ડૉ. મનસુખ માંડવિયા, માનનીય આરોગ્ય તથા પરિવાર કલ્યાણ મંત્રી અને રસાયણ તથા ખાતર મંત્રી, ભારત સરકાર, મુખ્ય વક્તવ્ય આપશે. અને શ્રી પંકજ આર. પટેલ, ચેરપર્સન, આઇઆઇએમએ ગવર્નર્સ બોર્ડ, આ પ્રસંગે ઉદ્ઘાટન સંબોધન કરશે. સમાપન સંબોધન સુશ્રી એસ. અપર્ણા, કેન્દ્રીય સચિવ, ફાર્માસ્યુટિકલ્સ વિભાગ, ભારત સરકાર દ્વારા કરવામાં આવશે. તેમની સાથે પ્રોફેસર તરુણ જૈન, ચેરપર્સન, સ્વાસ્થ્ય સેવા પ્રબંધન કેંદ્ર, આઈઆઈએમએ; પ્રોફેસર વિશ્વનાથ પિંગાલી આઈઆઈએમએ ખાતે અર્થશાસ્ત્રના એસોસિયેટ પ્રોફેસર અને, સીએમએચએસના એક્ઝિક્યુટિવ મેમ્બર, તેમજ ઘણા બિઝનેસ લીડર્સ અને આઈઆઈએમએના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ દિવસના અંતે નિર્ધારિત પેનલ ચર્ચામાં વક્તા તરીકે જોડાશે.

આઈઆઈએમએ હેલ્થકેર સમિટના આ ઉદ્ઘાટનમાં બે પેનલ ચર્ચાઓ, એક સ્ટાર્ટ-અપ સ્પર્ધા અને સંશોધન પેપર સબમિટ કરવામાં આવશે, જેમાં ઉદ્યોગના અગ્રણીઓ, શિક્ષણવિદો, સંશોધકો અને સરકારી અધિકારીઓને એક સામાન્ય પ્લેટફોર્મ પર એકસાથે લાવવામાં આવશે.

આ સમિટના મહત્વ વિશે બોલતા, **પ્રોફેસર ભારત ભાસ્કરે, ડાયરેક્ટર, આઈઆઈએમએ, જણાવ્યું હતું કે**, "ભારતીય હેલ્થકેર સેક્ટર છેલ્લાં કેટલાંક વર્ષોમાં અભૂતપૂર્વ વૃદ્ધિનું સાક્ષી રહ્યું છે. તકનીકી પ્રગતિઓ અને નવીનતાઓએ તેના વિકાસને વધુ વેગ આપ્યો છે જે ભારતને વિશ્વભરમાં આરોગ્યસંભાળ સેવાઓ માટે સૌથી વધુ ડિમાંડમાં રાખતું સ્થળ બનાવે છે. આ વૃદ્ધિ વ્યાપક અને ટકાઉ છે તેની ખાતરી કરવા માટે, એ મહત્વનું છે કે આપણે નવીનતાને પારખીએ અને તેને પ્રોત્સાહન આપીએ અને સ્ટાર્ટ-અપ્સને પ્રોત્સાહિત કરીએ તેમજ મજબૂત ઈકો-સિસ્ટમને પોષવા માટેના આપણા નીતિ ઘડતરના પ્રયાસોની સમીક્ષા કરીએ જે સમગ્ર દેશમાં મહાનગરોથી લઈને અંતરિયાળ વિસ્તારો સુધીના ક્ષેત્રમાં આરોગ્યસંભાળની સારી રીતે સંતુલિત વૃદ્ધિને સુનિશ્ચિત કરશે.

મને એ વાતનો આનંદ છે કે ભારત સરકારના માનનીય આરોગ્ય મંત્રી ડૉ. મનસુખ માંડવિયા આઈઆઈએમએ હેલ્થકેર સમિટની ઉદ્ઘાટન આવૃત્તિમાં ભાગ લેશે, જે એક માઈલસ્ટોન સમારોહ બનવા માટે સજ્જ છે. હું હેલ્થકેરમાં આઈઆઈએમએ પૂર્વછાત્ર સ્પેશિયલ ઈન્ટરેસ્ટ ગ્રૂપ અને આઈઆઈએમએ ખાતે સ્વાસ્થ્ય સેવા પ્રબંધન કેંદ્રને આ ઈવેન્ટને વાસ્તવિક બનાવવાના તેમના પ્રયાસો બદલ અભિનંદન પાઠવું છું."

આ સમિટમાં બે ટ્રેક દર્શાવવામાં આવશે, જે પ્રત્યેક હેલ્થકેર ઇનોવેશનના નિર્ણાયક પાસા પર કેન્દ્રિત છે. 'હેલ્થકેર સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ' પર ટ્રેક 1, હેલ્થકેર એસઆઈજી દ્વારા હાથ ધરવામાં આવશે, જ્યારે 'નીતિ સંશોધન' પર ટ્રેક 2, સીએમએચએસ દ્વારા હાથ ધરવામાં આવશે. આ સમિટના હાઇલાઇટ્સમાંનું એક હેલ્થકેર સ્ટાર્ટ-અપ ઇકોસિસ્ટમ ટ્રેક હશે, જેમાં બે પેનલ ચર્ચાઓ અને હેલ્થકેર સ્ટાર્ટ-અપ્સ માટેની સ્પર્ધાનો સમાવેશ થશે. આ સ્પર્ધામાં ત્રણ જૂથોનો સમાવેશ કરવામાં આવશે - સ્થાપિત સ્ટાર્ટ-અપ્સ, પ્રારંભિક તબક્કાના સ્ટાર્ટ-અપ્સ અને વિદ્યાર્થીઓના કોન્સેપ્ટ-સ્ટેજ સ્ટાર્ટ-અપ્સ. આમંત્રિત સ્ટાર્ટ-અપ્સને તેમના નવીન કાર્યને પ્રદર્શિત કરવા માટે એક પ્લેટફોર્મ પૂરું પાડવામાં આવશે, અને દરેક કેટેગરીમાં ટોચના બે સ્ટાર્ટ-અપ્સને તેમની સંભવિત ક્ષમતાઓને પારખીને પુરસ્કારો આપવામાં આવશે.

આઈઆઈએમએ હેલ્થકેર સમિટની કલ્પના વાર્ષિક સમારોહ તરીકે કરવામાં આવી છે જે ભારતમાં અવશ્ય-મુલાકાત-યોગ્ય કાર્યક્રમ તરીકે ઓળખ મેળવશે. આ સમિટનો હેતુ હેલ્થકેર એસોસિએશનો, સ્ટાર્ટ-અપ્સ અને શૈક્ષણિક અને સંશોધન સંસ્થાઓ પાસેથી સમર્થન મેળવવાનો છે, જે હેલ્થકેર ક્ષેત્રમાં સહયોગ અને નવીનતા માટે અનુકૂળ વાતાવરણ ઊભું કરે છે. વિશિષ્ટ કાર્યસૂચિ, વક્તાઓની ઉત્તમ શ્રૃંખલા અને વિવિધ પ્રેક્ષકોની સહભાગિતા સાથે, આઈઆઈએમએ હેલ્થકેર સમિટ વિચારોના આદાન-પ્રદાન, નવીનતાને ઉત્તેજિત કરવા, ભાગીદારીને પ્રોત્સાહન આપવા અને ભારતમાં આરોગ્યસંભાળના ભાવિને આકાર આપવામાં યોગદાન આપવા માટે કામ કરશે.

વધુ માહિતી અને નોંધણીની વિગતો માટે, કૃપા કરીને અહીં ક્લિક કરો : https://www.iima.ac.in/events1st-iima-healthcare-summit-2023

## આઈઆઈએમ અમદાવાદ વિશે:

ભારતીય પ્રબંધ સંસ્થાન અમદાવાદ (આઈઆઈએમએ) એક અગ્રણી, વૈશ્વિક પ્રબંધ સંસ્થાન છે જે પ્રબંધન શિક્ષણના ક્ષેત્રમાં શ્રેષ્ઠતાને પ્રોત્સાહન આપવામાં મોખરે છે. તેના અસ્તિત્વના 60 વર્ષોમાં, તે તેના વિશિષ્ટ શિક્ષણ, ઉચ્ચ-ગુણવત્તાવાળા સંશોધન, ભાવિ નેતાઓની કેળવણી, ઉદ્યોગ, સરકાર અને સામાજિક સાહસોને સહાયક બનાવવા અને સમાજ પર પ્રગતિશીલ અસર ઊભી કરીને તે દ્વારા શિષ્યવૃત્તિ, અભ્યાસ અને નીતિમાં તેના અનુકરણીય યોગદાન માટે સર્વસ્વીકૃત છે.

આઈઆઈએમએની સ્થાપના 1961માં સરકાર, ઉદ્યોગ અને આંતરરાષ્ટ્રીય શિક્ષણ જગત દ્વારા એક નવીન પહેલ તરીકે કરવામાં આવી હતી. ત્યારથી, તે તેના વૈશ્વિક પદચિહ્નને મજબૂત કરતું રહ્યું છે અને આજે તે 80થી વધુ ટોચની આંતરરાષ્ટ્રીય સંસ્થાઓ અને દુબઈમાં હાજરી સાથેનું નેટવર્ક ધરાવે છે. તેના પ્રતિષ્ઠિત ફેકલ્ટી સભ્યો અને 40,000થી વધુ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, જેઓ જીવનના તમામ ક્ષેત્રોમાં પ્રભાવશાળી હોદ્દા પર છે, તેઓ પણ તેની વૈશ્વિક ઓળખમાં ફાળો આપે છે. છેલ્લાં કેટલાંક વર્ષોથી, આઈઆઈએમએના શૈક્ષણિક રીતે શ્રેષ્ઠ, બજાર આધારિત અને સામાજિક રીતે પ્રભાવશાળી પાઠ્યક્રમોએ વૈશ્વિક સ્તરે ઉચ્ચ પ્રતિષ્ઠા અને પ્રશંસા મેળવી છે. *EQUIS* (ઈક્વિસ) તરફથી આંતરરાષ્ટ્રીય માન્યતા પ્રાપ્ત કરનાર તે પ્રથમ ભારતીય સંસ્થા બનેલ છે. આ સંસ્થાને ભારત સરકારના *રાષ્ટ્રીય સંસ્થાગત રેંકિંગ ફ્રેમવર્ક (NIRF)*, ભારતીય રેંકિંગ 2023માં પણ પ્રથમ સ્થાન મળેલ છે. *ફાઈનાન્સિયલ ટાઈમ્સ* (FT) દ્વારા કાર્યપાલક શિક્ષણ રેંકિંગ 2023માં સંસ્થાને ભારતમાં નંબર 1, એશિયામાં નંબર 2 અને વૈશ્વિક સ્તરે 35મું સ્થાન આપવામાં આવ્યું છે. તાજેતરમાં જાહેર કરાયેલ *BT-MDRA* ભારતની શ્રેષ્ઠ બી-સ્કૂલ 2023 રેન્કિંગ્સની સૂચિમાં સંસ્થા બીજા સ્થાન પર રહી છે. પ્રસિદ્ધ બે-વર્ષીય અનુસ્નાતક પ્રબંધન પાઠ્યક્રમ (પીજીપી) *FT માસ્ટર્સ ઇન મેનેજમેન્ટ રેન્કિંગ 2021*માં 26માં ક્રમે છે અને એક-વર્ષીય અનુસ્નાતક કાર્યપાલક પાઠ્યક્રમ (પીજીપીએક્સ) *FT ગ્લોબલ એમબીએ રેન્કિંગ 2022* માં 62માં ક્રમે છે.

આઈઆઈએમએ બિઝનેસ લીડર્સ, પોલિસી મેકર્સ, ઇન્ડસ્ટ્રી પ્રેક્ટિશનર્સ, શિક્ષણવિદો, સરકારી અધિકારીઓ, સશસ્ત્ર સેનાદળોના કર્મચારીઓ, કૃષિ-વ્યવસાય અને અન્ય વિશિષ્ટ ક્ષેત્રના નિષ્ણાતો અને સાહસિકો માટે અનુકૂલિત, મિશ્ર અને ઓપન એનરોલમેન્ટ ફોર્મેટમાં કન્સલ્ટન્સી સેવાઓ અને 200થી વધુ અનુકૂલિત કાર્યપાલક શિક્ષણના અભ્યાસક્રમો પૂરા પાડે છે. આઈઆઈએમએ વિશે વધુ જાણવા માટે, કૃપા કરીને આ લિંક પર ક્લિક કરો: https://www.iima.ac.in/

મીડિયા સંપર્ક :

કમલા ચૌધરી સંચાર કેંદ્ર, આઈઆઈએમએ

**વર્ષા રત્નપાર્કે** | vp-communications@iima.ac.in

**સુનીતા અરવિંદ** | pr@iima.ac.in